

# જુસ્સા સાથે સેક્સ કરતા પહેલાં ચેતજો!

આ પણ રોજિંદા જીવનમાં અવાર-નવાર અનેક એવી ઘટનાઓ સામે આવતી હોય છે કે જે ખરેખર આશ્ચર્ય પમાડે તેવી હોય છે. 30 વર્ષનો પરિણીત યુવાન પોતાની પત્ની જોડે રવિવારના બપોરે સેક્સ માણી રહ્યો હતો. જો કે આ દરમિયાન 30 વર્ષીય યુવાને વધુ પડતાં જુસ્સા સાથે શારીરિક સંબંધ બાંધવાનો પ્રયાસ કર્યો હતો. જો કે યુવાનનું શિશ્ન અંદર જવાને બદલે યોનિ માર્ગની બહારના ભાગે અથડાતા લિંગ કડાકાના અવાજ સાથે વળી ગયું હતું અને તુરંત સોજો ચડ્યો હતો. પોતાની પત્ની સાથે સેક્સ દરમ્યાન જુસ્સા સાથે શારીરિક સંબંધ બાંધવા જતાં તેમની ઇન્દ્રિયમાં ફ્રેક્ચર થયાનું સામે આવ્યું છે. જે બાદમાં તેમને તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં તેમનું ઓપરેશન કરાયું હતું.

પેનિસની સરેરાશ સાઇઝ, તેની કડકાઈ, ઉત્તેજનાની ફ્રિક્વન્સીથી માંડીને પેનિસને મોટું કરવાની કસરત સુધીના ઘણા પ્રશ્નો પુરુષોને પરેશાન કરે છે. એક પ્રશ્ન એ પણ છે કે શું શિશ્નમાં ફ્રેકચર થઈ શકે છે? જો કે તેમાં હાડકું નથી? જવાબ હા છે. આ શરીરમાં જોવા મળતા બીજા પ્રકારના ફ્રેક્ચર કરતાં અલગ પ્રકારનું ફ્રેક્ચર છે. પેનાઇલ ફ્રેક્ચર એટલે કે શિશ્નમાં અસ્થિભંગ પુરુષોને થતી કોમન તકલીફ છે પણ તેના વિશે મોટા ભાગના પુરુષો તેમ જ ડોક્ટરો આના વિશે જાણતા નથી તેમ જ બહુ ચર્ચા થતી નથી. સેક્સની રમતમાં અખતરા તમને ક્યારેક ભારે પડી શકે છે.

**પેનાઇલ ફ્રેક્ચરને કારણે સેક્સ લાઇફ પર માઠી અસર થાય છે. પેનાઇલ ફ્રેક્ચર થાય ત્યારે તત્કાળ સારવાર ન લેવામાં આવે તો તે મોટી શારીરિક સમસ્યાનું કારણ બની શકે છે અને તેની અસર લાંબા સમય સુધી અનુભવે છે**

પેનાઇલ ફ્રેક્ચર સામાન્ય રીતે થાય છે જ્યારે સેક્સ દરમિયાન પેનિસ પ્રાઇવેટ પાર્ટમાં જવાને બદલે સ્ત્રીના પગ અથવા આજુબાજુમાં અથડાય અથવા પછી ઉત્તેજીત પેનિસમાં ઇજા થઇ જાય. સામાન્ય રીતે ઉત્તેજિત કડક પેનિસ જ્યારે એકદમ ફોર્સ સાથે વળી જતું હોય છે ત્યારે પેનિસ ફ્રેક્ચર થવાની સંભાવનાઓ વધી જતી હોય છે. તેવી જ રીતે જો પુરુષો કોઈ એક્સપરિમેન્ટ કરવાનો પ્રયત્ન કરે તો તેમને પણ પેનાઈલ ફ્રેક્ચર થઈ શકે છે. ક્યારેક ખરાબ રીતે હસ્તમૈથુન કરવાથી પણ શિશ્નમાં ઈજા થઈ શકે છે. મોટા ભાગના કિસ્સામાં પેનાઇલ ફ્રેક્ચર સેક્સ દરમિયાન થતું હોય છે. સામાન્ય રીતે સ્ત્રી ઉપર હોય અને પુરુષ નીચે હોય એ આસનમાં આવી ઈજા થવાની શક્યતાઓ વધારે રહે છે, જ્યાં તેમને મુવમેન્ટ ઉપર પોતાનો કાબૂ રહેતો નથી હોતો અથવા તો ઘણી બધી વાર ડોગી સ્ટાઇલ પોઝિશનમાં પુરુષ વધુ ઉત્તેજીત થઈ અને સ્પીડમાં આગળપાછળ મુવમેન્ટ કરતા હોય ત્યારે પણ આવી ઈજા થવાની શક્યતાઓ ખૂબ જ વધી જતી હોય છે. સંપૂર્ણ ઉત્તેજિત પેનિસ અથડાય ત્યારે તેના પર દબાણ આવે છે અને ટ્યુનિકા અલ્બુજેનિયા ફાટી જાય છે, ત્યારે ઇન્દ્રિયમાં કંઈક તૂટ્યું હોય તેવો અવાજ આવે અને તરત જ ઇરેક્શન ખતમ થઇ જાય છે. પેનિસ વાંકું વળે, પેશાબમાં લોહી આવે અથવા પેશાબ ઊતરવામાં તકલીફ લાગે અને અમુક કિસ્સામાં પેનિસમાં અસહ્ય દુખાવો રહે તે પેનાઇલ ફ્રેક્ચરની નિશાની છે. જો તમને ઇન્ટરકોર્સ દરમિયાન તીવ્ર દુખાવો થતો હોય અથવા ક્રેકનો અવાજ આવતો હોય તો તમને પેનાઇલ ફ્રેક્ચર થયું હશે. તમે તમારું ઇરેક્શન ગુમાવશો અને શિશ્નની આસપાસ લોહી જમા થવાથી થોડા સમય પછી કાળા ડાઘ પણ દેખાઈ શકે છે. પેનિસનો આકાર જ્યાં ફ્રેક્ચર થયેલું હોય એ જગ્યાએથી વળેલો દેખાય અથવા વચ્ચેથી અમુક જગ્યાએ જાડું તો અમુક જગ્યા એકદમ પાતળું થઈ ગયેલું પણ લાગે.

**સાન્નિધ્ય**

★ ડૉ. પારસ શાહ (સેક્સોલોજીસ્ટ)

સમયસર ઉપચાર કરવામાં ન આવે તો તેની લાંબા ગાળે શારીરિક તથા જાતીય ક્ષમતા પર અસર થાય તે શક્ય છે.

પેનાઇલ ફ્રેક્ચરને કારણે સેક્સ લાઇફ પર માઠી અસર થાય છે. પેનાઇલ ફ્રેક્ચર થાય ત્યારે તત્કાળ સારવાર ન લેવામાં આવે તો તે મોટી શારીરિક સમસ્યાનું કારણ બની શકે છે અને તેની અસર લાંબા સમય સુધી અનુભવે છે.

આવી ઈજા પુરુષોને જ થાય છે. મધ્યમ વયના, ખાસ કરીને જુવાનીના દિવસોમાં એટલે કે 25 થી 40 વર્ષની વયના પુરુષોમાં આ સમસ્યા જોવા મળે છે. હોમો સેક્સ્યુઅલ પુરુષોમાં અકુદરતી સમાગમ દરમિયાન પણ આ તકલીફ જોવા મળે છે પરંતુ એનું પ્રમાણ ઘણું ઓછું છે. કોને કોના પ્રત્યે જાતીય આકર્ષણ થાય છે તે અહીં મુદ્દો નથી. એક સંશોધનના તારણ મુજબ, વીકએન્ડના દિવસોમાં આવી ઘટનાઓનું પ્રમાણ વધતું હોય છે.

પેનાઇલ ફ્રેક્ચરના નિદાન માટે સામાન્ય પદ્ધતિઓનો ઉપયોગ કરવામાં આવે છે. સોનોગ્રાફી દ્વારા પણ આ તકલીફનું નિવારણ કરી શકાય છે પરંતુ એ માટે નિષ્ણાત સેક્સોલોજિસ્ટની જરૂર પડે છે. તેથી નિદાન યોગ્ય છે કે નહીં એ બાબતે કાયમ ચર્ચા થતી રહે છે. ઘણી વાર આવી ઈજા દરમિયાન પેનિસમાં ફ્રેક્ચર થયેલ હોતું નથી પરંતુ નીચે આવેલી વેનમાં ઈજાઓ થયેલી જોવા મળે છે. જેમાં પણ આવા જ સીમટોમ્સ જેમ કે પેનિસમાં સોજો આવવો અથવા તો કાળા ડાઘા પડી જવા જોવા મળતા હોય છે. ફ્રેક્ચર પછી સર્જરી ખૂબ જ સારો ઉપાય છે. સર્જરીનું યોગ્ય સ્થાન સિટી સ્કેન દ્વારા શોધવામાં આવે છે.

કમનસીબે આવું કંઈ થાય તો સૌ પ્રથમ તો હોસ્પિટલે પહોંચી જવું જોઈએ કારણ કે આ પણ એક પ્રકારની ઈજા જ છે. પ્રાથમિક સારવારના ભાગરૂપે, હિલચાલ જરાય ન કરવી જોઈએ. પેનાઇલ ફ્રેક્ચર થયાનું ધ્યાન આવે પછી સેક્સોલોજિસ્ટની પાસે જતાં પહેલાં તે જગ્યા પર બરફ રાખવો જોઈએ. આઇસિંગ એ પ્રાથમિક સારવારનું એક મહત્ત્વનું પગલું છે. જો સમયસર યોગ્ય સારવાર કરવામાં ના આવે તો પેનિસની અંદર વાંકા પણ કાયમ માટે રહી જતું હોય છે અને અમુક કિસ્સાઓમાં પેનિસમાં ઉત્તેજના આવવામાં પણ તકલીફ અનુભવાતી હોય છે એટલે કે વ્યક્તિ નપુંસકતાનો ભોગ પણ બનતી હોય છે. પેનાઇલ ફ્રેક્ચર પછી ઘણા લોકો સેક્સ દરમિયાન ડિપ્રેશન કે દબાણ અનુભવે છે. ઈજાના ડરથી સેક્સ કરવાની રીતમાં પણ મોટો ફરક પડે છે. તેથી ઘણા લોકોએ સર્જરી બાદ કાઉન્સેલિંગ કરાવવું પડે છે.

dr9824063332@shospital.org

## સામાન્ય સેક્સ સમસ્યાઓ

- મહિલાઓને સૌથી વધુ ફરિયાદ યૌનેચ્છાની કમીની હોય છે. ઘણી મહિલાઓની સેક્સ કરવામાં બિલકુલ રૂચિ નથી હોતી. મતલબ તેમની સેક્સ ભાવના એકદમ ખતમ થઈ ચુકી હોય છે. જે એક ગંભીર સેક્સ સમસ્યા છે. ઘણીવાર આ સ્થિતિ મેનોપોઝ પછી આવે છે તો ઘણી મહિલાઓમાં મેનોપોઝથી પહેલા જ સેક્સ પત્યે અનિચ્છા થઈ જાય છે.
- યોનિમાં સફેદ, ચીકણો ઘટ્ટ સ્ત્રાવ થવો એ આજના યુવાવસ્થાની મહિલાઓ માટે એક સામાન્ય સમસ્યા થઈ ગઈ છે. સામાન્ય ભાષામાં તેને સફેદ પાણી મતલબ લ્યુકોરિયા કહેવામાં આવે છે.
- ઘણા કારણોથી મહિલાઓની યોનિમાં ખંજવાળ થવા લાગે છે. જેને ઘણા કારણ જેવા ઈંફેક્શન થવુ, સારી રીતે સફાઈ ન થવી, કબજિયાત રહેવી અને સંભોગ કરનાર વ્યક્તિના યોનાંગોમાં રક્ત વિકાર વગેરે તેના મુખ્ય કારણ છે.
- ઘણીવાર પ્યૂબિક હૈયર્સની સારી રીતે સફાઈ ન કરવાની કારણે તેમ રહેલા કિટાણુ યોની માર્ગમા પ્રવેશીને ઘણી યોનિ ગર્ભાશય સંબંધી સમસ્યાઓને ઉત્તપન્ન કરી શકે છે. તેથી યૌનાંગોની સારી રીતે સફાઈ થવી ખૂબ જ જરૂરી છે.
- ઘણીવાર સ્તનમાં દુઃખાવો થતા યુવતીઓ તેને સામાન્ય બીમારી સમજીની બેદરકારી કરે છે, પણ આ દુઃખાવો વધીને સ્તન કેંસરનું રૂપ પણ લઈ શકે છે. તેથી કોઈપણ પ્રકારના સંકટને ટાળવા માટે જરૂરી છે કે ડોક્ટરની યોગ્ય સમયે સલાહ લેવામાં આવે.

**તમારા મૂંઝવતા પ્રશ્નો મોકલો**

સાંનિધ્ય કોલમ અંગે વાચકોને જે કઇ પ્રશ્નો મૂંઝવતા હોય તે **ગુજરાતમિત્ર કાર્યાલય, સોનીફળિયા, ચોક, સુરત**નાં સરનામે મોકલવા